## હા... સાહેબ !

"ઝંડા ઊંચા રહે હમારા... વિજયી વિશ્વ તિરંગા પ્યારા..!!"

"કેમ...?! હજુ તો કાલે..!"

"અરે ભાઈ આ તો રિહર્સલ કરૂ છુ..! કાલે પાછો ભગો ના થાય..!!"

"અહં..! દેશભક્તિ માટે પણ રિહર્સલ કરવું પડે..?! ખરૂ છે..! બધુ સરકારી ઢાંચામાં જ ચાલે છે..! એમજ ને..?!"

"હા... ભાઈ... હા..! જે કહેવું હોય તે કહો..! કોઈપણ અભિવ્યક્તિ માટે તૈયારી તો જોઈએ જ..! સાવ ફેંકાફેંક ના ચાલે..! પછી બફાટ થાય ને, તો ખુલાસા કરવા પડે..!!"

"અરે ભાઈ..! એ તો ભાષણોમાં બફાટ થાય... દેકારા પડકારામાં બફાટ થાય..! જોયું ને..! તમારા નેતાએ કેવો બફાટ કર્યો..?!"

"કોની-કોની-કોની વાત કરો છો..?!"

"ઓ હો હો હો..! તમે તો જાણે કશું જાણતા જ નથી..! તમારા વિરોધ પક્ષના નેતા બોલવામાં જરા ફાસ્ટ છે ને..?! એટલે બાફી નાંખ્યું... અને પછી માફી માંગવી પડી..!"

"અરે સાહેબ..! રાજકારણમાં આ નવી-નવાઈ ક્યાં છે..! કોણ બફાટ નથી કરતું..?! આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય..! સાચુ કહું... બફાટ કરીને મીડીયામાં રહેવાનો બધાને જાણે ચસ્કો લાગ્યો છે..!!"

"વાત તમારી વિચારવી પડે એવી છે હોં..! એટલે આ ભૂલ નથી હોતી... જાણી જોઈને કરાતી ભુલ હોય છે..! એટલે એક દિવસ તો એક દિવસ મીડીયામાં તો રહેવાય..?!"

"હાસ્તો..! રાજકારણમાં તો જાગતા રહેવું ને ભાગતા રહેવું... અને વહેતા રહેવું..!"

"...અને ભુલો કરતાં રહેવું ને માફી માંગતા રહેવું..!"

"વાહ ભાઈ વાહ..! તમે તો વાતવાતમાં રાજકારણની વ્યાખ્યા આપી દીધી..!"

"સાહેબ... આપણે તો શું વ્યાખ્યાઓ કરીએ..! જેને જેવું દેખાય છે તેવી બે ઘડીની વાત કરીએ... બાકી તો એ જાણે એ...ને એમનું કામ જાણે..!!"

"ના ના ના..! એટલું બધુ નિરાશ ના થઈ જાઓ..! આપણા મતથી ચુંટાય છે..! આપણા પ્રતિનિધિ છે. એમને કહેવાનો આપણને અધિકાર છે..! એમના કાન પકડવાનો હક્ક છે આપણને... સાવ મોકળુ મેદાન ના અપાય..! લોકશાહી છે ભાઈ લોકશાહી..!"

"વાત તમારી સોનાની... પણ વાસ્તવમાં આવું કંઈ નથી..! પ્રજા તો બિચારી બધું સાક્ષીભાવે જોવે છે અને અનુભવે છે. સુવિધા ના હોય તો સહન કરે... કરવેરા ઝીંકાય તો ભરે..! ભાષણો સાંભળીને રાજી થાય..! જરૂર પડે તો લાઈનમાં ખડી જાય..! સહન કરે ને વહન કરે..! બિચ્ચારી પ્રજા..!"

"ના ના ના..! પાવરફુલ પ્રજા... લોકશક્તિ-જનશક્તિ વગેરે વગેરે કહેવાય અને લોકશાહીમાં તો પ્રજા સર્વોચ્ચ સ્થાને છે. આવી લઘુતાગ્રંથિ ના ચાલે..! અવાજ ઉઠાવવો પડશે... જાગૃત થવું પડશે..! આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય તેમને ચેતવવા પડશે..! સાનમાં સમજે તો ઠીક... નહીં તો જે ભાષામાં સમજે તે ભાષામાં વાત કરવી પડશે..!"

"અહં... તમે તો ગાંધીજીની વાત કરવા માંડ્યા..!"

"સાચી વાત છે..! આ ગાંધી અને સરદારની ભુમિ છે... અહીંથી જ બાપુએ સત્ય અને અહિંસાનો સંદેશ દુનિયાને આપ્યો છે. અહીંથી જ આઝાદીનું રણશીંગુ ફુંકાયું હતું..! અને અહીંથી જ અખંડ ભારતના સ્વપ્રનું વાવેતર થયું હતું..! આવતીકાલે સ્વાતંત્ર્ય દિનની ઉજવણીને ખુમારી અને ખમીરીથી છલકાવી દઈએ અને આન-બાન અને શાનથી તિરંગાનું સન્માન કરીએ. ખરૂ ને..?!"

"હા... સાહેબ... હા..!!"







હર હર મહાદેવ - શ્રાવણના પ્રથમ સોમવારે ભગવાન શીવજીને શણગાર કરાયા હતા... શહેરના શીવાલયો સવારથી જ બમ બમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યા હતા... શીવમહિમ્નમ સ્તોત્ર, રૂદ્રિપાઠ અને ભસ્માઆરતી જેવા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાયા હતા... ભાવિકો મોટી સંખ્યામાં શીવાલયોમાં ઉમટ્યા હતા...

# રાજ્યભરમાં ૨૪ ઓગષ્ટથી સેવાસેતુના કાર્યક્રમો યોજાશે

**૧૨ વિભાગની ૫૫ જેટલી વ્યક્તીલક્ષી યોજનાઓનો લાભ એકજ સ્થળેથી આપવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૩

આગામી ૨૪મી ઓગષ્ટથી 'સેવાસેતુ'નો ચોથો તબક્કો આરંભી દેવા માટે સરકારે વિધિવત્ સૂચનાઓ જારી કરી દીધી છે.

રાજ્યમાં મિઝલ્સ-રૂબેલા રસીકરણ અભિયાન, મિશન વિદ્યા ઉપરાંત હવે તંત્રને માથે સેવાસેતુનો કાર્યક્રમ થોપી દેવામાં આવ્યો છે.

સરકારે આ સેવાસેતુ માટે ૫૫ જેટલી યોજનાઓ જે વ્યક્તીલક્ષી છે અને ૧૨ વિભાગો સાથે સંકળાયેલી છે તેને સાંકળી આ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવા જણાવ્યુ છે. આ સેવાસેતુ કાર્યક્રમમાં ૧૩ જેટલા વિભાગોની જુદી જુદી કલ્યાણકારી યોજનાઓનું સાહિત્ય પણ લોકો સુધી પહોંચાડવામાં આવે તેવી તાકીદ કરી છે.

સરકારે ગ્રામ્ય વિસ્તાર માટે જુદા જુદા પાંચથી સાત ગામોના કલસ્ટર બનાવી આનું આયોજન

● અનુસંધાન પાન-૭ પર

## પંચાયત સંકુલમાં જિલ્લા પ્રમુખ અને કોંગી કાર્યકર વચ્ચે ધોલધપાટ ને ઝપાઝપી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને એક કાર્યકર નામે કાળુભાઈ મહેરિયા વચ્ચે મારામારીની બનેલ ઘટનાને પગલે પંચાયત સંકુલમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે શક્તિ પ્રોજેક્ટને લઈ બોલાવેલ બેઠક બાદ પ્રમુખ કેટલાક કાર્યકરો સાથે કારોબારી ચેરમેનની ઓફિસમાં બેઠા હતા અને આ દરમ્યાન પ્રમુખ અને મહેરિયા વચ્ચે પહેલાં શાબ્દીક ટપાટપી થઈ હતી આ પછી ગાળીગલોચ પણ થયુ હોવાનું કહેવાય છે. પ્રમુખે મહેરિયાને ઓફિસ છોડી જવા કહ્યુ હતુ પરંતુ આ પછી ઉગ્ર શાબ્દીક ટપાટપીને કારણે થોડીક ક્ષણોમાં જ ધોલ-ધપાટના દશ્યો સર્જાયા હતા.

મહેરિયા આ પછી ૧૦૮ની મદદથી સિવિલ પહોંચ્યા હતા. જો કે મોડી સાંજે બન્ને વચ્ચે સમાધાન થયાની વાતો રાજકીય વર્તુળોમાંથી સાંભળવા મળી હતી.

# શહેરના મુખ્ય માર્ગો આસપાસ વૃક્ષોની ગણતરી કરાશે

**નવા રોપાઓની વાવણી સાથે ફેન્સીંગનુ કામ પણ પુર્ણ કરાશે**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓ ઉછેરવા માટે વનતંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવે છે. જયારે આ અન્વયે શહેરી વિસ્તારમાં વનતંત્ર દ્વારા ૨૨ હજાર જેટલા નવા રોપાઓની વાવણી પણ કરી દેવામાં આવી છે. વનતંત્ર દ્વારા મુખ્યમાર્ગો આસપાસ તેમજ અન્ય વન આરક્ષિત જગ્યામાં પણ લોખંડની ફેન્સીંગ કરવામાં આવી રહી છે. જયારે હવે મુખ્ય ઘ અને ચ માર્ગ પર વૃક્ષોની ગણતરીનુ કામ પણ હાથ ધરાશે.

શહેરના મુખ્ય માર્ગો આસપાસની વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગનુ કામ હાથ ધરાયુ છે. નગરમાં વન આરક્ષિત જગ્યામાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ ૨૨ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી છે. વધુમાં વન આરક્ષિત જગ્યામાં રોપાઓની વાવણીના અંતે તેની યોગ્ય જાળવણી થાય તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવે છે. વન આરક્ષિત જગ્યાને અનુલક્ષી સિમેન્ટના થાંભલાવાળી જુની ફેન્સીંગ તુટી જતા નગરમાં નવી લોખંડની ગ્રીલ વાળી ફેન્સીંગનુ કામ હાથ ધરાયુ છે. જયારે નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત જગ્યામાં કલરકોડ પ્રમાણે નવા રોપાઓની વાવણી પણ કરવામા આવશે. જેથી ટુંકમાં આ વિસ્તારમાં રંગબેરંગી ફુલો નખરશે. જયારે શહેરના મુખ્યમાર્ગો આસપાસ પણ સુકાયેલા અને જોખમી વૃક્ષોની

● અનુસંધાન પાન-૭ પર

## પશુઓને પકડી લઈ જતા પાંજરાને આંતરી પશુપાલકો પશુ છોડાવી ગયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સે. ૨૬ અને ૨૭માંથી રખડતા ૮ જેટલા પશુઓને પકડ્યા બાદ પાંજરાને જીઆઈડીસી નજીક આંતરીને પશુપાલકો છોડાવી જતાં તંત્ર દયામણી સ્થિતિમાં મુકાઈ જવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૫મી ઓગષ્ટના પર્વની ઉજવણીને લઈ સવારના સમયે પોલીસ બંદોબસ્ત મનપાના તંત્રને મળ્યો ન હતો. સે. ૨૬ અને ૨૭માંથી મળેલી ફરિયાદોને પગલે રખડતા પશુઓને પકડવાની ટીમનો કાફલો ત્યાં પહોંચ્યો હતો અને ૮ જેટલા પશુઓને પકડવામાં સફળતા પણ મેળવી હતી. આ પછી ટીમ પરત ફરી રહી હતી ત્યારે ૧૦૦થી વધુ પશુપાલકોનું ટોળુ આવી ચડ્યુ હતુ અને પશુઓને જે પાંજરામાં પુર્યા હતા તેને આંતરી અને પકડાયેલા પશુઓને મુક્ત કરાવી પશુપાલકો નાસી છુટવામાં સફળ રહ્યા હતા.

તંત્રની ટીમે જો કે આજે ૪ જેટલા પશુ મોડી સાંજે પોલીસ બંદોબસ્તની મદદથી પકડ્યા હોવાનું જાણવા મળેલ છે.



કલ કે કલાકાર... - સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ઉપલક્ષ્યમાં શહેરની પ્રતિષ્ઠિત શાળા સેંટ ઝેવિયર્સના પ્રિ-પ્રાયમરી સ્કૂલના બાળકો દ્વારા આઝાદીના લડવૈયાઓની વેશભૂષા યોજાઈ હતી. જેમાં બાળકોએ અસ્સલ મિજાજથી દેશભક્તિનો માહોલ નિર્માણ કર્યો હતો... મેરી ઝાંસી નહી દુંગી ત્યાંથી લઈ સત્ય-અહિંસાના સંદેશ સાથેની બાળકોની અભિવ્યક્તિએ આકર્ષણ જમાવ્યું હતું...

## ફી વધારાના મામલે એફઆરસી સુપ્રિમ કોર્ટના આદેશનુ પાલન કરે : શિક્ષણમંત્રીને રજુઆત

**હીલવુડ સ્કુલના વાલીમંડળે શિક્ષણમંત્રીને રજુઆત કરી : વાલીમંડળે સ્કુલના ખર્ચનુ પત્રક તૈયાર કરી સુપ્રત કર્યુ : સરકારી ધારાધોરણના બદલે એફ આર સી મુજબ ફી વસુલી હિલવુડ સ્કુલ તગડો નફો કરતી હોવાનો વાલીમંડળનો આક્રોશ**

ગાંધીનગર તા ૧૩

એફ આર સી સુપ્રીમ કોર્ટના આદેશનુ પાલન કરે તેવી માંગ સાથે હીલવુડ સ્કુલના વાલીમંડળે આજે શિક્ષણમંત્રીને રજુઆત કરી હતી. અગાઉ એફ આર સી એ વાલીમંડળને હિલવુડ સ્કુલના ખર્ચ પત્રકની વિગતો સુપ્રત કરવા માટે સુચવ્યુ હતુ જે બાબત પણ વાલીમંડળ માટે આશ્ચર્યજનક રહી હતી. જયારે એફ આર સી ના સુચવ્યા મુજબની ફી વસુલાતા શાળાને તગડો નફો થતો હોવાનો આક્રોશ પણ વાલીમંડળે વ્યકત કર્યો છે.

સે-૨૫ જી આઈ ડી સી વિસ્તારમાં કાર્યરત હીલવુડ સ્કુલમાં વધુ ફી વસુલવામાં આવતી હોવાનો આક્રોશ વાલીઓમાં ચરમસીમાએ પહોંચ્યો છે.જયારે આ મામલે અગાઉ પણ હીલવુડ સ્કુલના વાલીમંડળે રોષની લાગણી વ્યકત કરી એફ આર સી સમક્ષ રજુઆત કરી હતી. હીલવુડ સ્કુલ વાલીમંડળે આ મામેલ શિક્ષણમંત્રીને પણ આજે રજુઆત કરી હતી. જેમાં જણાંવ્યા મુજબ હીલવુડ સ્કુલમાં એફ આર સી એ ફી ના નક્કી કરેલા ધોરણો સામે વાલીમંડળે વાંધો ઉઠાવ્યો હતો. જયારે આ અન્વયે એફ આર સી એ ગત તા ૧૧ જુલાઈના રોજ સુનાવણી હાથ ધરી હતી. આ દરમિયાન એફ આર સી કક્ષાએથી વાલીમંડળને ફી વધારા સામે સ્કુલના ખર્ચ અને પત્રકો રજુ કરવા જણાવાયુ હતુ. શાળાકક્ષાએથી રજુ કરવાના બદલે એફ આર સી એ વાલીમંડળ પાસે ખર્ચ સહીતની વિગતોનો આગ્રહ રાખતા વાલીઓમાં પણ આશ્ચર્યની લાગણી વ્યાપી હતી. પરંતુ વાલીમંડળે તેમની રીતે શાળાના ખર્ચ સહીતની સઘળી વિગતો એકત્ર કરી એફ આર સી તેમજ સરકાર દ્વારા નિયત ફી ના દર મુજબ શાળા દ્વારા વસુલાતી ફી અન્વયે નફાનુ પ્રમાણ પણ અલગ તારવ્યુ છે. જેમાં સરકારની ફી મુજબ શાળા ફી વસુલે તો પણ શાળાને ૮૮ લાખનો નફો થાય તેમ છે. જયારે એફ આર સી મુજબ શાળા કક્ષાએ ફી વસુલવામાં આવે તો શાળાને ૫.૮૭ કરોડનો અધધ નફો થાય તેમ છે. એફ આર સી સુપ્રિમ કોર્ટના આદેશનુ પાલન કરે તેવી માંગણી સાથે વાલીમંડળે સઘળી વિગતો સપ્રુત કરીને શિક્ષણમંત્રીને રજુઆત કરી છે. જેની સામે શિક્ષણમંત્રીએ ફી ના ધોરણો સંદર્ભે વ્યાજબી કારણો રજુ કરવા તેમજ આ બાબતે ફરી રીવ્યુ કરવા માટે પણ સુચવ્યુ છે. શિક્ષણમંત્રીએ આ ફી વધારા અંગે ટુંકમાં જવાબ આપવાની પણ બાંહેધરી વાલીમંડળને આપી છે.

## પડતર પ્રશ્નોના નિકાલ માટે ડેપોમાં કર્મચારીઓએ ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા

ગાંધીનગર તા ૧૩

એસ ટી નિગમના કર્મચારીઓને સાતમાં પગારપંચનો લાભ આપવા સહીત પડતર પ્રશ્નોની માંગણીઓનો નિકાલ લાવવાની બુલંદ માંગ સાથે આજે ગાંધીનગર ડેપોના ડ્રાઈવર કંડકટર સહીતના કર્મચારીઓએ ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા. એસ ટી ની સલામત સવારીની સેવા પણ કથળી હોવાનો આક્રોશ સ્થાનિકોમાં પ્રવર્તયો છે. જયારે બીજીતરફ કર્મચારીઓને પણ પુરતા લાભ મળતા ન હોવાનો આક્રોશ પ્રવર્તયો છે.

સલામત સવારી એસ ટી અમારી ના નારા સાથે દોડતી એસ ટી નિગમની બસ સેવા સામે પણ આમ નાગરિકોમાં અસંતોષની લાગણી પ્રબળ બની રહી છે. મેન પાવર અને સુવિધાઓના અભાવ વચ્ચે એસ ટી ડેપોમાં પણ મુસાફરોએ અનેક પ્રકારની હાલાકી વેઠવી પડે છે. જયારે આમ નાગરિકોની સાથે એસ ટી નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા કર્મચારીઓમાં પણ રોષની લાગણી પ્રબળ બની છે. અગાઉ સાતમા પગારપંચ સહીત ઓવરટાઈમની ચુકવણી તેમજ કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી બસોને દુર કરવાના પ્રશ્નોનુ નિરાકરણ લાવવા માટે એસ ટી ના કર્મચારીઓએ કાળી પટ્ટી બાંધી દેખાવો કર્યા હતા. જયારે આજે એસ ટી નિગમના વિભાગીય ડેપોમાં પણ કર્મચારીઓએ મોટી સંખ્યામાં એકત્ર થઈ સુત્રોચ્ચાર કર્યા હતા. એસ ટી ના કર્મચારીઓએ સાતમા પગારપંચનો લાભ આપવા ઉપરાંત ઓવરટાઈમની ચુકવણી કરવા તેમજ મહીલા કર્મચારીઓ માટે પુરતી સુવિધાઓ ઉભી કરવા માટે પણ માંગણી કરી છે. ફીક્સ પગારના કર્મચારીઓને સરકારના ધારાધોરણ મુજબ વિવિધ ભથ્થાનો લાભ આપવા માટે પણ માંગણી કરવામાં આવી છે. સાતમા પગારપંચની સાથે અન્ય પડતર પ્રશ્નોનો નિકાલ કરવા માટે એસ ટી નિગમના કર્મચારીઓ દ્વારા છેલ્લા ઘણાં સમયથી લડત આપવામાં આવી રહી છે. અગાઉ કાળી પટ્ટી ધારણ કર્યા બાદ આજે ડેપોમાં એકત્ર થયેલા કર્મચારીઓએ સુત્રોચ્ચાર કર્યા હતા.

## રાજ્યમાં ૧૫મીથી ભાજપ સભ્યવૃદ્ધિ અભિયાન

અમદાવાદ, તા.૧૩

ભાજપા પ્રદેશ પ્રવકતા ભરતભાઈ પંડ્યાએ જણાવ્યુ હતુ કે, આગામી ૧૫મી ઓગષ્ટથી સમગ્ર ગુજરાતમાં ભાજપા સદસ્યતા વૃધ્ધિ અભિયાનનો શુભારંભ થવા જઈ રહ્યો છે. ગુજરાતનું ભાજપા સંગઠન સર્વવ્યાપી અને સર્વસ્પર્ષી સંગઠન બન્યું છે. સંગઠનનો વ્યાપ વધુને વધુ વિસ્તારવા માટે ભાજપા સંગઠનની પરંપરા મુજબ દર ત્રણ વર્ષે સદસ્યતા નોંધણી કાર્યક્રમો થતા હોય છે તે અનુસંધાને પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં આગામી ૧૫ ઓગષ્ટથી ૨૧ ઓગષ્ટ દરમ્યાન સમગ્ર ગુજરાતના ૪૧ જીલ્લામાં સદસ્યતા વૃધ્ધિ અભિયાન ચલાવવામાં આવશે.

પંડ્યાએ જણાવ્યુ હતુ કે, આગામી ૧૫ ઓગષ્ટથી સદસ્યતા વૃધ્ધિ અભિયાનનો સમગ્ર ગુજરાતના શકિતકેન્દ્રોથી પ્રારંભ થવાનો છે. આ એક સપ્તાહના અભિયાનમાં જીલ્લા મહાનગરના મુખ્યમથક પર રાજ્ય સરકારના મંત્રી તથા આગેવાનઓ ઉપસ્થિત રહેશે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૯૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com